(૪) શાળાએ સને ૨૦૨૨-૨૩ના ઓડીટેડ હિસાબો રજૂ કરેલ છે. શાળાએ પછીના વર્ષના ઓડીટેડ હિસાબ રજૂ કરેલ નથી. શાળાએ રજૂ કરેલ હિસાબોની ચકાસણી કરતા શાળાએ કુલ આવક રૂ.૧૦,૭૦,૪૮,૪૯૦/- દર્શાવેલ છે. અને કુલ ખર્ચ રૂ.૧૨,૮૨,૯૫,૪૯૭/- દર્શાવેલ છે. અને શાળાના હિસાબોમાં રૂ.૨,૧૨,૪૬,૫૦૭/-ની ખોટ દર્શાવેલ છે. શાળાના આ હિસાબો ચાર્ટડ એકાઉન્ટન્ટ ફી નિયમન સમિતિ દ્વારા ચકાસણી કરવામાં અવેલ છે. તેમાં અગાઉ વચગાળાના આદેશ કરતી વખતે જે ખર્ચનો સંપૂર્ણ માન્ય ખર્ચમાં સમાવેશ કરવામાં આવેલ નહી. તે પૈકી એજ્યુકેશનલ એક્ટીવીટી ખર્ચ, આર. અને એમ. ખર્ચ, તેમજ અન્ય ખર્ચનો માન્ય ખર્ચમાં સમાવેશ કરવાપાત્ર હોવાનું જણાઇ છે. અને શાળાએ રજૂ કરેલ હિસાબો તથા રજૂ કરેલ પેપર્સ જોતા અને શાળાને તેનું વ્યાજબી વળતર મળવુ જોઇએ તેમજ શાળા CBSE બોર્ડ ધરાવતી હોઇ અને નવી શિક્ષણ નીતી અન્વયે શાળાએ વિદ્યાર્થીઓની વધુ સગવડ આપવાની થાય છે. શાળાએ રજૂ કરેલ મિલ્કત સંબંધીત દસ્તાવેજો સભ્યશ્રી સીવીલ એન્જીનીયર ફી નિયમન સમિતિ દ્વારા ચકાસણી કરવામાં અવેલ છે. વધુમાં સરકારશ્રી દ્વારા આર.ટી.ઇ. અન્વયેના વિદ્યાર્થીઓ શાળાને ફાળવવામાં આવેલ છે. તે હકીકત ધ્યાને લેતા શાળા લેખીત સંમતી મુજબ માધ્યમિક વિભાગમાં રૂ.૪,૦૦૦/- અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં રૂ.૪,૦૦૦/- સુધી શાળાને વચગાળાના આદેશમાં ફેરફાર કરી વધારો કરી આપવાનું ફી નિયમન સમિતિને ન્યાયોચીત જણાતું હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**//હુ ક મ//**

| અ. નં. | ધોરણ | માધ્યમ | વિદ્યાર્થીની સંખ્યા | સૂચિત ફીની માંગણી | ફી નિયમનં સમિતિ દ્વારા નક્કી કરેલ ફાઇનલ ફી. |
|---|---|---|---|---|---|
| | | | ૨૦૨૪-૨૫. | ૨૦૨૪-૨૫. | ૨૦૨૪-૨૫. |
| (૧) | (૨) | (3) | (૪) | (૫) | (૬) |
| (૧) | ૧ | અંગ્રેજી | ૫૮ | રૂા.૧,૯૧,૩૦૧/- | રૂા.૧,૪૭,૨૦૦/- |
| (૨) | ૨ | અંગ્રેજી | ૫૭ | રૂા.૧,૯૧,૩૦૧/- | રૂા.૧,૪૭,૨૦૦/- |
| (3) | 3 | અંગ્રેજી | ૫૮ | રૂા.૧,૯૧,૩૦૧/- | રૂા.૧,૪૭,૨૦૦/- |
| (૪) | ૪ | અંગ્રેજી | ૬૧ | રૂા.૧,૯૧,૩૦૧/- | રૂા.૧,૪૭,૨૦૦/- |
| (૫) | ૫ | અંગ્રેજી | ૬૫ | રૂા.૧,૯૧,૩૦૧/- | રૂા.૧,૪૭,૨૦૦/- |
| (૬) | ૬ | અંગ્રેજી | ૬૫ | રૂા.૧,૯૧,૩૦૧/- | રૂા.૧,૪૭,૨૦૦/- |
| (૭) | ૭ | અંગ્રેજી | ૬૯ | રૂા.૧,૯૧,૩૦૧/- | રૂા.૧,૪૭,૨૦૦/- |
| (૮) | ૮ | અંગ્રેજી | ૭૦ | રૂા.૧,૯૧,૩૦૧/- | રૂા.૧,૪૭,૨૦૦/- |
| (૯) | ૯ | અંગ્રેજી | ૬૭ | રૂા.૨,૨૧,૭૦૯/- | રૂા.૧,૬૪,૦૦૦/- |
| (૧૦) | ૧૦ | અંગ્રેજી | .૭૨ | રૂા.૨,૨૧,૭૦૯/- | રૂા.૧,૬૪,૦૦૦/- |
| (૧૧) | ૧૧ જનરલ | અંગ્રેજી | ૫૭ | રૂા.૨,૫૦,૬૮૩/- | રૂા.૧,૭૦,૦૦૦/- |
| (૧૨) | ૧૨ જનરલ | અંગ્રેજી | ૪૭ | રૂા.૨,૫૦,૬૮૩/- | રૂા.૧,૭૦,૦૦૦/- |

<u>શરતો</u> :-

૧) સને ૨૦૨૪-૨૫ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.